**પ્ર.:૧ સામાયિક અને પ્રતિક્રમણને આધારે જવાબ લખો : ૧૫**

**ક)** ૧) સર્વકાળની આશાતના શબ્દનો અર્થ શું છે આ શબ્દ જે પાઠમાં આવે છે તેનું નામ લખો. **(૧)**

**જ:** ૧) સર્વકાળની આશાતના એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એમ ત્રણે કાળની બધી આશાતનાઓ.

૨) આપણા પરસેવામાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય કે નહિ તે કહો. **(½)**

**જ:** ૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન ન થાય.

૩) જેવું કરે તેવું ભરે તે પાપ કયું ? **(½)**

**જ:** ૩) અભ્યાખ્યાન

૪) કયા શ્રાવક ગોચરી કરવા જઈ શકે છે ? **(૧)**

**જ:** ૪) દશમું વ્રત ધારણ કરવાવાળા અથવા શ્રાવકની ૧૧મી શ્રમણભૂત પડિમા ધારણ કરવાવાળા શ્રાવક ગોચરી કરવા જઈ શકે છે.

૫) યાદ હોય કે ના હોય તેવા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કયાં બતાવેલું છે ? તે બતાવતા મૂળ શબ્દો લખો. (૨)

**જ:** ૫) પાંચમા શ્રમણસૂત્રમાં જં સભરામિ, જં ચન સભરામિ, જં પડિક્કમામિ, જં ચન પડિક્કમામિ, તસ્સ સવ્વસ્સ, દેવસિયસ્સ, અઇયારસ્સ, પડિક્કમામિ.

૬) જઘન્ય ૨૦ તીર્થંકર કેવી રીતે થાય છે ? **(૨)**

**જ:** ૬) હાલ તીર્થંકર અરિહંત ભગવંતો માત્ર મહાવિદેહ ક્ષેત્રમાં છે. મહાવિદેહની ૩૨ વિજયમાંથી વર્તમાને દર ૮ વિજયે એક તીર્થંકર છે. તેથી એક મહાવિદેહ માં કુલ ૪ તીર્થંકર જ છે. માટે ૫ મહાવિદેહ ક્ષેત્ર × ૪ તીર્થંકર = ૨૦ તીર્થંકર હાલ બીરાજે છે.

૭) અમારા અધ્યયન કેટલા ? ૪ થા શ્રમણ સૂત્રના આધારે લખો. **(૩)**

**જ:** ૭) ૧) આચારાંગ - ૨૮ અધ્યપન
૨) બૃહતકલ્પ - ૬
૩) વ્યવહાર સૂત્ર - ૧૦
૪) સૂયગડાંગ સૂત્ર - ૨૩ પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ + બીજા શ્રુતસ્કંધના ૭ એમ
૫) જ્ઞાતાધર્મકથા - ૧૯
૬) નિશિથ સૂત્ર - ૩

**જ: ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : (૨½)**

**સાથે**

| | | |
|---|---|---|
| ૧) જોગં | - | કાર્યોનો |
| ૨) બોહયાણં | - | બીજાને બોધ પમાડનારા |
| ૩) અહોકાયં | - | (આપનાં) ચરણો ને |
| ૪) મણામં | - | મનને અતિ વહાલું. |
| ૫) આગમે | - | સુત્ર, સિધ્ધાંત |

**ગ) માગધી લખો :** **(૨૧/૨)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | સમકિતની શ્રદ્ધા | – | સમ્મત્ત સદ્દહણા |
| ૨) | કાર્યોનો | – | જોગં |
| ૩) | અક્ષય | – | ક્ષયરહિત – મક્ખય |
| ૪) | આજ્ઞા | – | અબ્ભણુણાએ |
| ૫) | નહિ આચારવા યોગ્ય | – | અણાયારો |

**પ્ર.ઃ ૨ ક) પાંચ જ્ઞાનના થોકડાના આધારે જવાબ લખો.**
**(કોઈ પણ અગિયાર લખો)** **(૨૨) ૩૦**

૧) ઔત્પાતિકા બુદ્ધિ કોને કહેવાય ?

**જ:** ૧) તે પૂર્વે જોયેલું ન હોય કે સાંભળેલું ન હોય, છતાં તેમાં એકદમ વિશુધ્ધ અર્થ સમજી શકે તેવી બુધ્ધિ ઉત્પન્ન થાય અને તે બુધ્ધિ ફળ ને ઉત્પન્ન કરે તે ઔત્પાતિકા બુધ્ધિ છે.

૨) પ્રતિપાતિ અવધિજ્ઞાન કોને કહેવાય ?

**જ:** ૨) જે ઉત્પન્ન થયેલુ અવધિજ્ઞાન અમુક સમય પછી કોઈપણ ક્ષણે એક જ વખતે અથવા અનુક્રમે સર્વથા નાશ પામે તે પ્રતિપાતિ અવધિજ્ઞાન.

૩) ઇન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનની વ્યાખ્યા લખો. કેટલા પ્રકાર ? કયા કયા ?

**જ:** ૩) જે પોતે ઇન્દ્રિય દ્વારા જાણે છે તે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. તેને વ્યવહારદ્રષ્ટિ થી પ્રત્યક્ષ કહેલ છે. વાસ્તવિક રીતે તો તે પરોક્ષ જ છે. પાંચ પ્રકાર શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય.

૪) અસુરકુમાર દેવ, તમઃપ્રભાના નારકીનો અવધિજ્ઞાનનો જઘન્ય અને ઉત્કૃષ્ટ વિષય લખો.

**જ:** ૪)

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| અસુરકુમાર | ૨૫ યોજન | અસંખ્યાતા દ્વિપ સમુદ્ર |
| તમઃપ્રભાના નારકી | ૧ ગાઉ | ૧।। ગાઉ |

૫) શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિતના બે તફાવત લખો.

**જ:** ૫)

| શ્રુતનિશ્રિત | અશ્રુતનિશ્રિત |
|---|---|
| ૧) સાંભળવુ, જોવુ વગેરે રૂપે મતિ વિસ્તરે | ૧) ન સાંભળેલુ, ન જોયેલુ, તેમાં મતિ વિસ્તરે |
| ૨) ઇન્દ્રિય અને મનને આધારે ઉત્પન્ન થાય | ૨) ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય. |
| ૩) બીજુ નામ મતિ છે | ૩) બીજુ નામ બુધ્ધિ છે |

૬) મનઃપર્યવજ્ઞાનની વ્યાખ્યા લખો. કેટલા પ્રકાર ? કયા કયા ?

**જ:** ૬) મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ થી અઢીદ્વિપમાં રહેલાં સંજ્ઞી જીવોના વ્યક્ત મનના પરિચિંતિત ભાવોને પ્રગટ કરે તે જ્ઞાન મનઃપર્યવજ્ઞાન છે. ઋજુમતિ, વિપુલમતિ.

૭) શ્રુતજ્ઞાન અનંતમા ભાગનું ઢંકાય જાય તો શું થાય

**જ:** ૭) જો તેટલુ જ્ઞાન ઢંકાય તો જીવ મટીને અજીવ થાય, ચૈતન્ય મટીને જડ થાય માટે જીવના સર્વ આત્મપ્રદેશે અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન સદા પ્રગટ રહે છે.

૮) અંતઃગત અવધિજ્ઞાન કોને કહેવાય ? કેટલા પ્રકાર ? કયા કયા ?

**જ:** ૮) જે અવધિજ્ઞાન થી કોઈ એકદિશાના રૂપી પદાર્થો જાણી શકાય છે. તે અંતઃગત અવધિજ્ઞાન. ત્રણ ભેદ પુરત : અંતઃગત, માર્ગત: અંતઃગત, પાર્શ્વર્ત અંતઃગત

૯) જ્ઞાન એટલે શું ? કેટલા પ્રકાર ? કયા કયા ?

**જ:** ૯) જેનાથી પદાર્થ ને વિશેષ રૂપે જાણવું તે જ્ઞાન. ૨ પ્રત્યક્ષ અને પરોક્ષ.

૧૦) ઇહા સમજાવો

**જ:** ૧૦) અવગ્રહથી ગ્રહણ કરેલ વિષયની વિચારણા તે ઇહા. નિર્ણય થાય નહી કે મને કોણ બોલાવે છે ? સંશય ની વિચારણા કે મિત્ર હશે કે ભાઇ ?

૧૧) શ્રુતજ્ઞાનની વ્યાખ્યા લખો.

**જ:** ૧૧) શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શબ્દ દ્વારા અર્થનું અને અર્થ દ્વારા શબ્દ નું યથાર્થ જ્ઞાન થાય અથવા સૂત્રજ્ઞાન તે શ્રુતજ્ઞાન છે.

૧૨) અયોગી ભવસ્થ કેવળજ્ઞાનના ભેદ કેટલા ? ફક્ત નામ લખો.

**જ:** ૧૨) ૪ ભેદ છે. પ્રથમ સમય, અપ્રથમ સમય, ચરમ, અચરમ.

**ખ) ખાલી જગ્યા પૂરો :** **(૫½)**

૧) જે જીવ સંજ્ઞા સહિત છે તે .......... છે.

**જ:** ૧) જે જીવ સંજ્ઞા સહિત છે તે સંજ્ઞીશ્રુત છે.

૨) વ્યંજનાવગ્રહ સમજવા માટે .........., ..........નું દૃષ્ટાંત છે.

**જ:** ૨) વ્યંજનાવગ્રહ સમજવા માટે પ્રતિબોધક, સરાવલા નું દૃષ્ટાંત છે.

૩) મનુષ્યના અવધિજ્ઞાનનું સંસ્થાન .......... આકારે, વ્યંતરના અવધિજ્ઞાનનું સંસ્થાન .......... ને આકારે.

**જ:** ૩) મનુષ્યના અવધિજ્ઞાનનું સંસ્થાન વિવિધ આકારે, વ્યંતરના અવધિજ્ઞાનનું સંસ્થાન પટહુ (ઢોલ) વાજિંત્ર ને આકારે.

૪) .........., .......... ગુણ મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે.

**જ:** ૪) શાંતિ, સંયમ ગુણ મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે.

૫) જે .......... માં રહેલા છે તેનું કેવળજ્ઞાન તે ભવસ્થ. સયોગી કેવળીનું ગુણસ્થાન .......... છે.

**જ:** ૫) જે મનુષ્ય ભવ માં રહેલા છે તેનું કેવળજ્ઞાન તે ભવસ્થ. સયોગી કેવળીનું ગુણસ્થાન ૧૩મું છે.

૬) ઋષભદેવના શિષ્યોના .......... પઈન્ના, મહાવીર સ્વામીના શિષ્યોના .......... પઈન્ના.

**જ:** ૬) ઋષભદેવના શિષ્યોના ૮૪૦૦૦ પઈન્ના, મહાવીર સ્વામીના શિષ્યોના ૧૪૦૦૦ પઈન્ના.

**ગ) જોડકાં જોડો :** **(૨½)**

| | | | | **જવાબ** |
|---|---|---|---|---|
| ૧) | અર્થાવગ્રહના ભેદ | – | ૧૪ | ૬ |
| ૨) | શ્રુતજ્ઞાનના ભેદ | – | ૩ | ૧૪ |
| ૩) | અસંજ્ઞીશ્રુતના ભેદ | – | ૧૦ | ૩ |
| ૪) | શ્રુતનિશ્રિતમતિ જ્ઞાનના ભેદ | – | ૬ | ૨૮ |
| ૫) | અવગ્રહના ભેદ | – | ૨૮ | ૧૦ |

**પ્ર.: ૩ કષાયના થોકડાના આધારે જવાબ લખો :** **૧૦**

૧) કષાય એટલે શું ? આ થોકડો કયા આગમ અને કેટલામાં પદમાંથી લીધેલ છે ?

**જ:** ૧) કષાય એટલે જેનાથી સંસાર વધે. જેમાં જીવો વિવિધ દુઃખો, દ્વારા કષ્ટ પામે તે પન્નવણા સુત્ર પદ ૧૪.

૨) નિર્જરા એટલે શું ?

**જ:** ૨) કર્મ ફળ ને ભોગવીને તે કર્મ નું આત્મપ્રદેશ થી ખરી જવું તે ઉદય માં આવી ને તે કર્મનું નોકર્મ થઈ જવું. ઉદા. છાણાનું બળી ને રાખ થવું.

૩) લોભની ઉત્પત્તિના ચાર કારણ સમજાવો.

**જ:** ૩) ખેત્ત – ક્ષેત્ર, તે ખેતર વગેરે ખુલ્લી જમીન માટે
વત્થુ – વાસ્તુ, ઢાંકી જમીન માટે, મકાન વગેરે માટે
શરીર – શરીરને કારણે ઉપજે
ઉપધિ – ઉપરની ૩ સિવાય ની બાકીની બધી સાધન સામગ્રી માટે

૪) ચણીયા અને વેદ્યા સમજાવો. છાણાંને બાંધવા તે શેનું ઉદાહરણ છે ?

**જ:** ૪) ચણીયા કષાયયુક્ત આત્મા કર્મ પુદગલને ગ્રહણ કરે તે.
વેદ્યા – અબાધાકાળ પૂર્ણ થતાં કર્મનું ઉદયમાં આવવું અથવા ઊદીરણા દ્વારા ઉદય આવલિકામાં ખેંચેલ કર્મનું ફળ દેવુ. બાંધ્યા નું ઉદાહરણ છે.

૫) દેશવિરતીની ઘાત અને યથાખ્યાત ચારિત્ર ગુણની ઘાત કોણ કરે છે ? ચાર કષાયના કુલ ભાંગા કેટલા ?

**જ:** ૫) દેશવિરતીની ઘાત – અપ્રત્યાખ્યાનાવરણીય
યથાખ્યાત ચારિત્ર ગુણની ઘાત – સંજ્વલન. ૩૪૦૦ ભાંગા કષાય ના

**પ્ર.:૪ ક) ધ્યાનના થોકડાના આધારે જવાબ લખો : (૮) ૧૫**

૧) શુક્લધ્યાનના ચાર અવલંબન સમજાવો.

**જ:** ૧) ખંતિ – ક્ષમા ક્રોધનો વિજય
મુત્તી – નિર્લોભતા, લોભ નો વિજય
અજ્જવે – સરળતા, માયાનો વિજય
મદ્દવે – નમ્રતા, માન નો વિજય

૨) કયા ધ્યાનને આલંબન કે અનુપ્રેક્ષા નથી ? શા માટે ?

**જ:** ૨) આર્ત ધ્યાન, રૌદ્ર ધ્યાન, કારણ લોકમાં તે બે અશુભ ધ્યાનના આબંલન અનેક હોવાથી તે જીવને દરેક ઠેકાણે તેવા આલંબન મળી રહે છે માટે.

૩) રૌદ્રધ્યાનના ચાર પાયા લખો.

**જ:** ૩) હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ કે ભોગ ઉપયોગ નું ચિંતન કરવું આનંદ માનવો.

૪) આર્ત્તધ્યાનના ચાર પાયા લખો.

**જ:** ૪) મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરવી.
અમનોજ્ઞ વસ્તુ ને દૂર કરવાની અભિલાષા કરવી.
રોગ વગેરે અનિષ્ટો નો વિયોગ ચિંતવવો.
ભોગોમાં આસક્ત બની તેની વિયોગ ન થાય તેમ ચિંતવવું.

**જ: ખ) અર્થ સમજાવો : (૪)**

**સાથે** ૧) નિસર્ગ રૂચિ : કોઈના ઉપદેશ વિના સ્વભાવથી ધર્મમાં શ્રધ્ધા રૂચિ થવી.

૨) અવ્યય : દેવ આદિના ઉપસર્ગથી ચલિત ન થવું.

૩) સંઠાણવિજએ : ત્રણ લોકના આકાર નો વિચાર ચિંતવવો.

૪) પરિયટ્ટણા : શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું.

**જ : ગા) નીચેના જીવમાં કયા કયા ધ્યાન હોય છે ? (3)**

**સાથે**

| | | | |
|---|---|---|---|
| ૧) | મિથ્યાત્વી નારકી અને દેવમાં | - | આર્ત્ત અને રૌદ્ર |
| ૨) | ચરમશરીરી જીવોમાં | - | આર્ત્ત, રૌદ્ર, ધર્મ, શુક્લ |
| ૩) | તિર્યંચ શ્રાવકમાં | - | આર્ત્ત, રૌદ્ર, ધર્મ |
| ૪) | અભવીમાં | - | આર્ત્ત, રૌદ્ર |
| ૫) | વર્તમાને ભરતના સાધુ -સાધ્વીમાં | - | આર્ત્ત, ધર્મ |
| ૬) | મહાવિદેહ ક્ષેત્રના શ્રાવક - શ્રાવિકામાં. | - | આર્ત્ત, રૌદ્ર, ધર્મ |

**પ્ર. : ૫ સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો. ૧૦**

૧) અચેત પાણી એટલે શું ? તે કેટલા પ્રકારના છે ?

**જ : ૧) સચેત પાણી માં યોગ્ય પ્રમાણ માં શસ્ત્ર ભેળવવાથી પાણી જીવ રહિત થાય છે તેને અચેત પાણી કહે છે. તે ૨૧ પ્રકારના છે.**

૨) વ્રત પચ્ચક્ખાણ કરવાથી થતા લાભો (કોઇ પણ ચાર)

**જ : ૨) ૧) અપચ્ચક્ખાણની ક્રિયા નો આશ્રવ બંધ થાય છે.**

**૨) વ્રતી, સમકિતી જીવને અંતઃ ક્રોડા ક્રોડી સાગરથી વધુ કર્મ બંધાતુ નથી.**

**૩) ભૌતિક વસ્તુની ઇચ્છાઓ નિર્બળ બની ધીરે ધીરે શાંત થાય છે.**

**૪) વ્રતથી અનર્થદંડથી બચી શકાય છે.**

૩) સાત નિન્હવમાંથી ૧, ૩, ૪, ૬નું નામ લખો. નિન્હવની વ્યાખ્યા લખો.

**જ : ૩) જમાલી, આષાઢ, અશ્વ મિત્ર, રોહગુપ્ત**

૪) કયા કર્મનો ઉદયે કડવા શબ્દ સાંભળવા મળે ? કયા તીર્થંકરને કોણે કડવા શબ્દો સંભળાવેલા ?

**જ : ૪) અશાના વેદનીય કર્મના ઉદયના કારણે ગોશાલકે ભગવાન મહાવીર સ્વામીને કડવા શબ્દો સંભળાવેલા.**

૫) પચ્ચક્ખાણ એટલે શું ? (કોઇ પણ ચાર)

**જ : ૫) આત્માને મોક્ષ માર્ગે સ્થાપે, ઝીણવટથી જિન દર્શનની દયાને સમજાવે, પાપભીરૂ આત્માને આચારરૂપી પાંખ આપે, 'જતના એ ધર્મ' સમજાવે.**

**પ્ર. : ૬ વાર્તાના આધારે જવાબ લખો : ૧૦**

૧) મહાગોપ કોણ છે ? કેવી રીતે ?

**જ : ૧) શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે. આ સંસારરૂપી ભયાનક વનમાં અનેક જીવો સન્માર્ગ થી ભ્રષ્ટ થઈ રહ્યા છે. પ્રતિક્ષણ મરણ ને પ્રાપ્ત થઈ રહ્યા છે. ખવાય છે, છેદાય છે, ભેદાય છે, વિકલાંગ કરાય છે. તેનું ધર્મરૂપી દંડથી રક્ષણ કરી તેને મદદ કરી મોક્ષરૂપ વાડામાં પહોચાડે છે. માટે ભગવાન મહાવીર મહાગોપ છે.**

૨) ગોશાલકને કયું જ્ઞાન હતું ? તેનાથી કયા વિષયોમાં સત્ય ઉત્તર આપતા ? સકડાલપુત્ર કોના અનુયાયી હતા ?

**જ : ૨) ગોશાલક ને અષ્ટાંગ નિમિત્ત નું જ્ઞાન હતું. તે જ્ઞાનથી લાભ, અલાભ, સુખ, દુખ જીવન અને મરણ ના વિષયમાં સત્ય ઉત્તર આપતા હતા. સકડાલ પુત્ર ગોશાલક ના આજીવિકા મતના અનુયાયી હતા.**

૩) બહુપુત્રિકાદેવી અને સકડાલપુત્રની વાર્તા કયા સૂત્રના કયા અધ્યયનના આધારે છે ?

**જ: ૩) બહુપુત્રિકાદેવી – નિરયાવલિકા સૂત્ર અધ્યયન ચોથું.**
સકડાલપુત્ર – ઉપાસક દશાંગ સૂત્ર અધ્યયન સાતમું.

૪) સુભદ્રા મરીને કયાં ઉત્પન્ન થઈ ? તેમને બહુપુત્રિકાદેવી કેમ કહેવાય છે ?

**જ: ૪) સુભદ્રા મરીને સુધર્મ દેવલોકમા ઉત્પન્ન થઈ. આ દેવી જ્યારે શકેન્દ્ર પાસે નાટક કરવા જાય છે ત્યારે ઘણા છોકરા છોકરી બાળક બાળિકાઓ ની વિકુર્વણા કરે છે અને પોતાની દેવઋધ્ધિ શરીર અને આભરણની ક્રાંતિ, અદ્ભૂત વૈક્રિય શરીરની શક્તિના પ્રભાવ અને તેજને બતાવે છે માટે તે.....**

૫) સુભદ્રાએ સંયમ લીધા પછી શું કર્યુ ?

**જ: ૫) બાળક બાળિકાઓ માં આસક્ત થવા લાગી. બાળકો પર અનુરાગ, સ્નેહ કરવા લાગી. રમવાના રમકડાં, પાણી, મીઠાઈ, ખીર, દૂધ, ફુલની માળા વગેરે પદાર્થોની ગવેષણા કરવા લાગી. મલિશ કરતી, મહેંદી કરતી, પીઠી લગાવતી, બિન્દી લગાવતી. ચંદન સુગંધિત ચૂર્ણ લગાવતી. પોતાનો સંયમનો સમય બાળક બાળિકાની પાછળ વિતાવવા લાગી.**

**પ્ર.: ૭ કાવ્ય પૂર્તિ કરો : ૧૦**

૧) મોટા તે પંચ .......... ટાળે રે પ્રાણી.

**જ: ૧) મોટા તે પંચ મહાવ્રત પાળે, છકાયના પ્રતિપાળ રે પ્રાણી**
**ભ્રમર ભિક્ષા મુનિ સૂઝતિ લેવે, દોષ બેંતાલીશ ટાળ રે પ્રાણી.**

૨) માયાને કહેજો .......... ટળે તો ના ટળે.

**જ: ૨) માયાને કહેજો છોડે એના બાણ, નિર્મળ થઈને આપું હું આહવાન**
**સુખના મળે તો નામળે, દુ:ખના ટળે તો ના ટળે.**

૩) સંયમ વિના .......... પકડી લીધી

**જ: ૩) સંયમ વિના ના સિધ્ધિ .. ના સિધ્ધિ એ વાત જેણે સાચી સમજી લીધી**
**રંગીલા રાહ ને છોડી.. હાં છોડી ... એણે કાંટાળી કેડી પકડી લીધી**

૪) પથમેં હજારો .......... મેરા ધ્યાન હો.

**જ: ૪) પથમેં હજારો વિઘ્નભી, આપે ડિગાને જો અગર**
**ચાહે સામને શૈતાન હો, વિચલિત ન મેરા ધ્યાન હો.**

૫) એક વચન .......... જિનરાય રે પ્રાણી.

**જ: ૫) એક વચન એ સદ્ગુરુ કેરું, જો બેસે દીલમાંય રે પ્રાણી**
**નરક ગતિમાં તે નહિ જાવે, એમ કહે જિનરાય રે પ્રાણી.**

|| જય જિનેન્દ્ર ||